

   



ૐજય હો શ્રી અગાસીમાતાનો ૐ 卐શ્રી ગણેશાય નમઃ卐 ૐજય હો શ્રી દેવરાહાબાબાનો ૐ

## જનની જણ તો ભકતજન કાં દાતા કાં શુર ,નહીં તો રહેજે વાંઝણી તુ મત ગુમાવીશ નુર.

## શ્રી અગાસીમાતાના સ્વપ્ન મંદિરના આધસ્થાપક અધિષ્ઠાતા પ.પૂ. શ્રી દવેબાપુની જીવન ઝરમર

પ.પૂ.શ્રી દવેબાપુનો જન્મ સને ૧૯૨૧ ની સાલમાં માતા પૂ.ગોદાવરીબા અને પિતા પૂ.શ્રી મણીશંકર અંબારામ દવે નામના પવિત્ર અને ઉ ચ્ચ સંસ્કારી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાભણ દંપતિ ને ત્યાં સંત શુરા અને દાતા માટે જાણીતી એવી સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિના ઝાલાવાડ પંથકના સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડી પરગણાંના “ સૌકા “ ગામે થયો. નામ રાખવામાં આવ્યું “ મહેશ્વર “ ( સાંબ સદાશિવ ભોળાનાથ નું એક નામ ). કુટુંબમાં માતા પિતા સિવાય બે મોટાબહેન વિજ્યાબહેન અને સવિતાબહેન અને એક નાનો ભાઈ ચિ.કાંતિભાઈ તથા એક નાની બહેન ચિ.શાંતાબહેન.પિતા બિહારના ધનબાદ નજીક કોલસાની ખાણમાં એકાઉન્ટન્ટ ના સારા હોદ્ધા પર નોકરી કરતા હતાં.પૂ.બાપુ નું પ્રાથમિક શિક્ષણ ધનબાદ નજીકની શાળમાં થયું. કોલસાની ખાણના પ્રદુષિત વાતાવરણ ને કારણે પિતાશ્રી ની તબિઅત લથડતાં સમસ્ત કુટુંબે લીંબડી માદરે વતનમાં સ્થળાંતર કર્યું.

પિતાશ્રીની કથળેલી તબિઅતે ગંભીર રુપ ધર્યું અને થોડાં સમયમાં પિતાશ્રીનું દેહાવસાન થયું.તે સમયે પૂ.દવેબાપુની ઉમર ફકત ૮ વર્ષની.ચાર ભાઈ બહેનોના સઘળા પરિવારની જવાબદારી ભોળા ,પવિત્ર પરંતુ નિરક્ષર એવા પુ.માતુશ્રી ગોદાવરીબા ઉપર આવી. તેમને નૈતિક હિંમત અને સાથ મળ્યો તેમના મોટા બહેન રતનબહેન( મોટા માસીબા) અને નાના બહેન મણિબહેનનો ( બાળ વિધવા અને લીંબડી હાઈસ્કુલના હેડ મિસ્ટ્રેસ).

માતુશ્રી ગોદાવરીબાએ સંતાનોના પવિત્ર અને પ્રમાણિકતાથી સભર શુભપ્રયત્નોથી ઉછેર કરવાનો શિવ સંકલ્પ કર્યો. જ્ઞાતિ-સમાજ કે કોઈ ત્રાહિત વ્યકિતની મદદ લીધા વગર સંઘર્ષ અને કરકસર થી સ્વ.પતિદેવે બચત કરી સાચવેલી પુંજી ની મદદથી જીવન આગળ ધપાવ્યું. બે મોટી દિકરીઓ વિજ્યાબહેન અને સવિતાબહેન ને સુપાત્ર અને સુસંસ્કારી સાસરે વળાવ્યાં.ઘરનું પવિત્ર અને શિસ્તમય વાતાવરણની સાથે તે સમયથીજ “ સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબા “ નું અવિરત યજન પૂ.દવેબાપુ ની રગેરગ માં વ્યાપી ગયું.

મા-બાપના ગર્ભના પવિત્ર સંસ્કારો અને લીંબડી સ્થિત એકસો વર્ષ ઉપરના જુના અને દંડીસ્વામી ૧૦૦૮ પ.પુ.શ્રી જગદીશ્વર ગુરુમહારાજ ( અંગ્રેજોના શાસન કાળમાં દિલ્હીની ગાદી પર પંચમ જ્યોર્જના રાજ્યાભિષેક નુ તિલક કરનાર મહાન સંત વિભુતિ જેના દર્શન માટે સંતવર્ય ગુરુદેવ સ્વામી રામકૃષ્ણ પરમહંસ નો આદેશ થતાં સ્વામી વિવેકાનંદજી દક્ષિણ ભ ારતમાંથી પુછપરછ કરતાં કરતાં લીંબડી પધારેલા) ના સમાધિ સ્થળ એવા લીંબડીના સુપ્રસિધ્ધ " શ્રી જગદીશ આશ્રમ " ના સંચાલક અને ગુરુ ત્રિપુટી શ્રી દત્તપ્રકાશજી,શ્રી વિષ્ણુપ્રકાશજી અને શ્રી શિવપ્રકાશજી ની નાનપણથીજ અભ્યાસ ઉપરાંત પૂ.દવેબાપુની અવિરત ગુરુસેવા અને પાઠશાળામાં નિયમિત હાજરીના સુસંસ્કારોથી તેના ફળસ્વરુપે અને પ્રાતઃ સ્મરણીય માતુશ્રી પ.પૂ.ગોદાવરીબા ના શુભઆશિર્વાદ થી મેટ્રીક સુધીનો અભ્યાસ પુરો કરી ૧૯૪૨ માં બ્રિટીશ રાજના તાબા હેઠળના કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટમાં કલાર્ક તરીકેની સામાન્ય નોકરીમાં જોડાયા.નોકરી દરમ્યાન પૂ.માતુશ્રી ગોદાવરીબાની તથા માસીબા મણિબેનની પુરી નિષ્ઠા થી સેવા કરતા કરતા બાકી રહેલ કૌટુંબિક જવાબદારીઓ પરિપૂર્ણ કરી. નાની બહેન શાંતાબહેન ને સુપાત્ર અને સુસંસ્કારી સાસરે વળાવ્યાં અને નાના ભાઇ ચિ.કાંતીભાઇને આફ્રીકા ( નૈરોબી-કેન્યા) મોકલી, તેમને પરણાવી ઠરીઠામ કર્યા.

કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટમાં કલાર્ક તરીકેની સામાન્ય નોકરી દરમ્યાનજ ગામ-પીપરાળી,તા-ચોટીલા(સૌરાષ્ટ્ર) ના અને આજુબાજુ ના આશરે ૧૮ ગામોના ગોરમહારાજ એવા અતિ પવિત્ર ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ દંપતિ પૂ.શ્રી જેઠાબાપા અને પૂ.શાંતાબા ના ઘરે જન્મ લીધેલ કુટુંબમાં સૌથી મોટા કન્યારત્ન એવા આપણાં શકિતસ્વરુપ પુ.શારદાબા સાથે પુ.દવેબાપુ સને ૧૯૪૨ માં લગ્નગ્રંથી થી જોડાયાં. કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટની પુરી નિષ્ઠા અને પ્રમાણિકતા સાથેની નોકરી દરમ્યાન સૌરાષ્ટ્રના અનેક ગામોમાં નોકરી કરી પુરી હિંમત,પ્રમાણિકતા અને નીડરતાથી દાણચોરો અને અન્ય અસામાજીક તત્વો સાથે કડકાઇથી કામ લઇ તે દુષણોને ડામવામાં સફળ રહયાં અને દવેસાહેબ ના હુલામણાં નામથી કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટ અને કુટુંબનું નામ રોશન કર્યું.

૭૦ વર્ષના અતિ પવિત્ર ગ્રૃહસ્થજીવન દરમ્યાન પૂ.શારદાબાના અતિ સરળ અને કુશળતા પૂર્વક ના સાદગીભર્યા ઘર વ્યવહારથી પાંચ પુત્રીઓ અને બે પુત્રોના બહોળા પરિવારમાં દરેક સંતાનને સંસ્કાર સાથેનું ઉચ્ચ શિક્ષણ આપી, દિકરીઓને સુપાત્ર અને સુસંસ્કારી સાસરે વળાવી અને દિકરાઓને પણ ભણાવી,પરણાવી ઠરીઠામ કર્યા અને એટલુજ નહી દીકરીઓના પણ દરેક વ્યવહારીક પ્રસંગો પૂ.શ્રી દવેબાપુ તથા પૂ.શ્રી શારદાબાએ તેઓની હાજરીમાં તેઓના શુભહસ્તે પરિપૂર્ણ કર્યા તે તેમના પર માતાજીની અસીમ કૃપા.

પૂ. શ્રી દવે બાપુ તથા પુ.શારદાબા જેઓ હાલ શ્રી અગાસીમાતાના સ્વપ્ન મંદિર ના અધિષ્ઠાતા છે અને જેઓ વર્ષોથી સુષુપ્ત અવસ્થામાં રહેલ આ સ્થાનને ફકત બારડોલી પ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત અને વિદેશમાં પણ પ્રચલિત કરી અસંખ્ય લોકોની શ્રદ્ધાનું પ્રતિક બનાવવામાં નિમિત્ત બન્યાં છે તે આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે. સૌ પ્રથમ ૧૯૬૮ માં કસ્ટમ અધિકારી તરીકે બારડોલીમાં આગમન થયું. નાનપણથી જ મા-બાપના ઉચ્ચ પવિત્ર સંસ્કારોનું સિંચન થયું હોવાથી ખૂબ જ ટૂંકાગાળામાં માઁ ના ભકતોનું એક મંડળ પ્રાદુર્ભાવ પામ્યું અને એ રીતે શ્રી આનંદના ગરબાની મહામંત્રનો દક્ષિણ ગુજરાતમાં બારડોલી મુકામે ઉદય થયો. શ્રી આનંદના ગરબાના મહામંત્રના સતત યજનના ફળ સ્વરુપે સને ૧૯૬૯ ની ધન તેરસની રાત્રી અને કાળીચૌદશના પરોઢની એક દિવ્ય ઘડીએ વર્ષોથી સુષુપ્ત અવસ્થામાં રહેલ શ્રી શકિતનું સ્વપ્ન દ્વારા બાળા સ્વરુપે પ્રાગટય થયું.સને ૧૯૭૯ માં કસ્ટમ્સ એન્ડ સેન્ટ્રલ એકસાઇઝ સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે સફળ અને ગૌરવશાળી કારકિર્દી પૂર્ણ કરી નિવૃત્તિ પછી શ્રી અગાસીમાતાની અને દરિદ્રનારાયણની માનદ્‌સેવા નો ભેખ લીધો.પૂ.બાપુ રીટાયર થયાં ત્યારે તેમની પાસે જમીન કે મકાન કે બેન્કમાં એકાઉન્ટ ન હતું. ૧૯૭૯ થી આજ પર્યંત પૂ.દવે બાપુના અધિષ્ઠાતા પદે શ્રી અગાસીમાતાના મંદિરની ભૌતિક તેમજઆધ્યાત્મીક ઉન્નતિ અને સ્થાનમાં થયેલા વિવિધ ધાર્મિક તથા સેવાકીય કાર્યો ના આપણે સૌ મુક સાક્ષી

છીએ. પૂ.શ્રી દવેબાપુના જન્મો જન્માંતરના પુણ્યપ્રતાપે સને ૧૯૮૪ માં બ્રહ્મર્ષિ યોગિસમ્રાટ ૧૦૦૮ પ.પૂ.શ્રી દેવરાહાબાબા (શ્રી યમુનાતટ, વૃંદાવન-ઉત્તર પ્રદેશ) ગુરુ સ્વરુપે પ્રાપ્ત થયાં અને તેઓની કૃપાથી પૂ.શ્રી દવેબાપુને ૧૯૮૬માં પ.પૂ.શ્રી દેવરાહાબાબાની પાદુકાની અમુલ્ય ભેટ મળી, સાથે સાથેજ " દરિદ્રનારાયણ ની સેવા " નો ગુરુઆદેશ મળ્યો અને પૂ.બાપુ તથા પૂ.બાના વિદેશ પ્રવાસો દરમ્યાન તન-મન-ધન ના પરિતાપોથી તપતા અનેક માંઇભકતોને પૂ.બાપુ તથા પૂ.બા રુપી કલ્પવૃક્ષની શીતલ છાંયા મળી અને દેશ-વિદેશ ના અનેક પવિત્ર અને સેવાભાવી દાતાઓના અમુલ્ય આર્થિક સહયોગથી દૈનિક ભિક્ષુક ભોજન, મફત તબીબી સારવાર કેન્દ્ર ,નિઃશુલ્ક ફરતું દવાખાનું , શૈક્ષણિક ધર્માદા સેવા તથા દરિદ્રનારાયણની નિઃશુલ્ક તબીબી સેવા માટે સુસજજ આરોગ્ય સુવિધાઓ ધરાવતું " શ્રીમતી ગુલાબબેન છોટુભાઇ પટેલ (કુચેદ ) આરોગ્ય કેન્દ્ર " તથા આધુનિક સાધનો તથા સુવિધાઓથી સજ્જ " રાધાબા-ખુશાલદાદા " આંખની હોસ્પિટલ હાલમાં કાર્યરત છે અને દરિદ્રનારાયણની અતિ આશીર્વાદરુપ સેવાઓ થઇ રહી છે.

વ્યકિતની સત્યનિષ્ઠા અને પ્રમાણિકતા સાથેની નિષ્કામ સેવાભાવના, શિસ્ત અને દ્રઢ નિશ્ચય સાથેનું સિધ્ધાંતોનું અડગ પાલન, સાદું અને સરળ પરોપકારી જીવન અને મા ની સંપૂર્ણ શરણાગતિ વ્યકિતને આધ્યાત્મિકતા અને ઇશ્વરકૃપા ના કેવા શિખરો સર કરાવે છે તેના ૯૩ વર્ષની બુઝર્ગ વયે પૂ.શ્રી દવેબાપુ અને ૮૮ વર્ષની બુઝર્ગ વયે પૂ.શ્રી શારદાબા આપણી સમક્ષ જ્વલંત અને અનુકરણીય ઉદાહરણરુપ છે.માતાજી આપણાં સૌને તેઓના જેવું જીવન જીવવાના માર્ગ પર ડગ માંડવાની મા શકિત આપો અને પૂ.શ્રી દવેબાપુ તથા પૂ.શ્રી શારદાબા તંદુરસ્તી ભર્યુ શતાયુ જીવન જીવી આપણાં સૌને નિરંતર મદદરુપ

થતા રહે તથા માર્ગદર્શન આપતા રહે તેવી પરમકૃપાળુ પરમાત્માને અંતઃકરણની પ્રાર્થના.

સૌને પ્રેમથી જયઅંબે-જય શ્રી અગાસીમા.

## પ્રમુખ, શ્રી અગાસીમાતા માઈમંડળ અને ચેરીટબલ ટ્રસ્ટ પરિવાર

## મહાશિવરાત્રી , રવિવાર , તા.૧૦.૦૩.૨૦૧૩